નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૧૪
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૦૫/૦૪/૨૦૧૮
૦૫

## // પરિપત્ર //

**વિષયઃ–  નિગમના સત્તા સોંપણી અંગેના પરિપત્ર તારીખઃ૦૨.૧૨.૨૦૧૪ અન્વયે.**

સંદર્ભઃ– (૧) નિગમના પરિપત્ર બારકોડ નંબરઃએલ૦૯૦૦૩૭૨૦૨૨૧,તારીખઃ૦૨.૧૨.૨૦૧૪
(૨) નિગમના પરિપત્ર બારકોડ નંબરઃએલ૦૯૦૦૩૬૨૬૧૬૧,તારીખઃ૦૯.૧૦.૨૦૧૭

નિગમ ધ્વારા તારીખઃ૦૨/૧૨/૨૦૧૪ થી સત્તાની સોંપણી અંગેનો પરિપત્ર જારી કરવામાં આવેલ છે. જેમાં જરૂરી જણાતાં વખતોવખત સુધારાઓ અમલમાં મુકવામાં આવેલ છે. સંદર્ભિત પત્ર–૨ થી કામચલાઉ શરતી તબદીલી હુકમ પુનઃ જીવીત કરવાના કિસ્સોમાં સત્તા બાબતે ગાઈડલાઈન જારી કરવામાં આવેલ છે. જેમાં જે કિસ્સાઓમાં વિતરણ તારીખમાં ફેરફાર થવાથી નાણાંકીય અસર થતી હોય તેવા કિસ્સામાં તબદીલી હુકમ તેની મૂળ શરતો પ્રમાણે પુનઃ જીવીત કરવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. જેમાં સુધારો કરી કામચલાઉ શરતી તબદીલી હુકમ જારી થયાના એક વર્ષની સમયમર્યાદામાં તેની મૂળ શરતો પ્રમાણે કામચલાઉ શરતી તબદીલી હુકમ પુનઃ જીવીત કરવાની તમામ સત્તા વિભાગીય પ્રબંધકશ્રીને સોંપવામાં આવે છે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

– સહી –
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u>**
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી ગ્રેડ–૧(એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર.. નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)**